Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.



પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

આત્મ સંવત ૯૩ | વૈશાખ | પુસ્તક : ૮૪
વીર સંવત ૨૫૧૩ | મે |
વિક્રમ સંવત ૨૦૪૩ | ૧૯૮૭ | અંક : ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | તંબૂ-કંબૂ-અંબૂ | પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા. | ૯૭ |
| (૨) | મનઃપ્રન્નતાનો ઉપાય | પૂ. પં. શ્રી ભંદ્રકરવિજયજી ગણીવર | ૯૮ |
| (૩) | નવધા ભક્તિનું સ્વરૂપ | પૂ. આ. શ્રી કુંદકુંદસૂરિજી મ. સા. | ૧૦૦ |
| (૪) | ઠરવું ક્યાં ? | રતિલાલ માણેકચંદ શાહ | ૧૦૩ |
| (૫) | કોને માટે ? | પં. શિલચન્દ્રવિજયજી ગણી. | ૧૦૬ |
| (૬) | સમાચાર | — | ૧૧૨ |


## સાભાર સ્વીકાર

**" અમર ઉપાધ્યાયજી " :-** મોકલનાર :- તપોવન સંસ્કારધામ ધાર ગિરિ
પો. કબીલપોર તા. નવસારી

લેખક :- પૂ. મુનિશ્રી પૂર્ણચન્દ્રવિજયજી મહારાજ
પ્રેરક :- પૂ. મુનિશ્રી જયચન્દ્રવિજયજી મહારાજ
પ્રકાશક :- ઉપાધ્યાય શ્રી યશોવિજયજી, સંસ્કાર સદન માલેગાંવ ( જી. નાસિક )

" અમર ઉપાધ્યાયજી " નામનું પુસ્તક આ સભાને તપોવન સંસ્કારધામ ધારાગિરિ પો. કબીલપોર તા. નવસારી તરફથી ભેટ મળેલ છે. લેખક મુનિશ્રીએ પ્રશંસનીય શ્રમ લઇને, સરલ શૈલી અને સંસ્કારી ભાષામાં, ગમી જાય એવા નાના નાના પ્રકરણો પાડીને, જ્ઞાનપ્રાપ્તિ સાથે વાંચનમાં રસ પડે તે રીતે ચરિત્ર લખેલ છે. આ પુસ્તક ખૂબ આદરપાત્ર બનેલ છે.

– હી. ભા. શાહ

## પ્રાચીન હસ્તપ્રતોના વાચન અને સંપાદન માટેના અભ્યાસ વર્ગો

પ્રાકૃત વિદ્યા મંડળ અને પ્રાકૃત જૈન વિદ્યા વિકાસ ફંડના સંયુક્ત ઉપક્રમે પ્રાચીનહસ્તપ્રતોના વાચન, પ્રતિલિપિ અને તેના પરથી ગ્રંથ સંપાદન કરવાનું નિશુલ્ક શિક્ષણ આપતા વર્ગો ચાલુ વર્ષમાં ઉનાળાની રજાઓ દરમિયાન યોજવામાં આવેલ છે. તેમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા બીજા પણ જોડાઈ શકશે. વર્ગોની કોઈ ફી રાખવામાં આવેલ નથી, ઉપરાંત યોગ્ય વિદ્યાર્થીઓને માટે મર્યાદિત છાત્રવૃત્તિની વ્યવસ્થા છે. સ્થળ-સમયાદિ વધુ વિગતો માટે નીચેના સરનામે સંપર્ક સાધવો.

પ્રા. ડૉ. કે. આર. ચન્દ્ર,
માનદ્ મંત્રી,
પ્રાકૃત જૈન વિદ્યા વિકાસ ફંડ,
૩૭૫, સરસ્વતી નગર,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.

પ્રા. ડૉ. રમણીકભાઈ એમ. શાહ
માનદ્ મંત્રી
પ્રાકૃત વિદ્યા મંડળ,
શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ
વિદ્યામંદિર, યુનિ. કેમ્પસ,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

બહારગામના વિદ્યાર્થીઓ માટે મર્યાદિત રહેઠાણની વ્યવસ્થા છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૪ ] ● વિ. સં. ૨૦૪૩ વૈશાખ : મે-૧૯૮૭ ● [ અંક : ૭


## તંબૂ – કંબૂ – અંબૂ

લે. પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા.

માત નચાવઈ કુકવિ તુજ ઉદર ભરણ નઈ કાજિ,
હું તો સદગુણ પદિ કવિ, પૂંજું છું મતલાજિ ॥ ૩ ॥

હે માતા શારદા, કેટલાક કુકવિઓ પોતાનું પેટ ભરવા માટે તને નચાવતાય શરમાતા નથી. પણ હું તો સારા કાવ્યો રચીને તારી પૂજા કરુ છું.

આ પછી તંબૂ કંબૂ અને અંબૂ જેવા લાલિત્ય ભરપૂર શબ્દો સાથે જંબૂચરિત્રને સરખાવતો દુહો પણ વાંચતાંની સાથે જ કાળજાના ગુંબજે ગુંજ્યા કરે એવો છે!

તંબૂ ધર્મ સુસાધનો, કંબૂ દખ્ખિણાવત્ત
અંબૂ ભવદવ ઉપશમિ જંબૂચરિત્ર પવિત્ત.

તંબૂનો ધર્મ સાધુની માફક એક ગામથી બીજે ગામ ફરવાનો હોય છે. કંબૂ એટલે દક્ષિણાવર્ત શંખ. એનો ગુણ મંગલમયતા છે અને અંબૂ એટલે પાણી. પાણીનો ગુણ તાપને ઠારવાનો છે. જંબૂચરિત્ર પણ આ તંબૂ કંબૂ અને અંબૂ જેવુ જ છે કેમકે જંબૂસ્વામી ગામોગામ વિચરનારા, દક્ષિણાવર્ત શંખથીય વધુ મંગળમય અને ભવરૂપી દવને ઠારનાર મેઘમાળા જેવા હતા.

શાંતિ સૌરભ પા. ૨૨ માંથી સાભાર. (જંબૂસ્વામી રાસ માંથી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • મનઃપ્રસન્નતાનો ઉપાય

• પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણીવર

જગત જેવું છે, તેવું આપણે જોઇ કે જાણી શકતાં નથી, પણ આપણે જેવા છીએ તેવું જગત આપણને દેખાય છે.

આપણી ભૂમિકા બદલાય છે તેમ આપણું જગત વિષયક દર્શન પણ બદલાય છે.

વૈજ્ઞાનિકો જગતને શક્તિ રૂપે, energy તરીકે કાયમી ગતિ સ્વરૂપે માને છે.

આપણે જગતને ગતિ અને સ્થિતિ ઉભય સ્વરૂપે જાણીએ છીએ.

સર્વજ્ઞ ભગવંતો જગતને દ્રવ્ય, ગુણ, પર્યાય રૂપે અને ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય રૂપે જુએ છે.

જેમ – જેમ આપણી ભૂમિકા બદલાય છે, તેમ તેમ આપણું જગત દર્શન પણ બદલાય છે.

કોઈ આપણને ગુણીરૂપે જુએ છે, તો કોઇ વળી દોષિત રૂપે જુએ છે. તેમાં આપણે તેવા છીએ, માટે તેને તેવું દેખાય છે, એમ નહિં, પણ તે જેવો છે, તેવું આપણું સ્વરૂપ તેની કલ્પનામાં આવે છે. એ જ કારણે જ્ઞાની ભગવંતો લોકસંજ્ઞાને ત્યજવાનું કહે છે, અને શાસ્ત્રસંજ્ઞાને કેળવવાનો ઉપદેશ આપે છે.

યોગી પુરૂષોને સર્વજ્ઞ-વીતરાગ પરમાત્માનું જે સ્વરૂપ પોતાની યોગદૃષ્ટિથી દેખાય, તેવું અયોગીને ન જ દેખાય. ભોગીને જગત ભોગનું સ્થાન દેખાય છે, યોગીને યોગનું સ્થાન જણાય છે.

બીજો આપણને જે રીતે જુએ, તે રીતે આપણી જાતને કલ્પવાની જરૂર નથી, પણ જ્ઞાની પુરૂષો આપણને જે રીતે જુએ છે, તે રીતે જોવાની દૃષ્ટિ કેળવવાની જરૂર છે. અને લોકસંજ્ઞાને છોડી દેવી જોઇએ. એ જ સુખી થવાનો અને શાન્તિ પામવાનો રાજમાર્ગ છે. લોકસંજ્ઞા કેવી હોય તે નીચેના દાખલાથી સ્પષ્ટ થાય છે.

ભર્તૃહરિ વૈરાગ્ય વાસિત થઇ વનમાં વિચરતાં વડલાના એક ઝાડ નીચે વિશ્રામ કરવા બેઠા. પછી હાથનું ઓશિકું બનાવી અંતર્મુખ થયા. તેવામાં ગામની બહેનો ત્યાં આવેલા ગામકૂવે પાણી ભરવા આવી. અને હાથનું ઓશિકું કરીને ઉંઘેલા ભર્તૃહરિને જોઇને બોલી. "જુઓને રાજપાટ છોડવા છતાં હજી ઓશિકાનો મોહ નથી ગયો.

આ ટકોરને ઉપકારક સમજી ભર્તૃહરિએ પોતાના બંને હાથ માથા નીચેથી ખેંચી લઇને પોતાની છાતી ઉપર ગોઠવ્યા. એટલે બીજી એક પનિહારી બોલી ઉઠી, 'જુઓને જરા ટકોર કરી તેમાં પણ ગુસ્સે થઈને હાથ ખસેડી લીધાં'.

આ ટકોરથી એ ચકોર ભર્તૃહરિ તરત જ સ્વસ્થ થઈ ગયાં. અને ત્યાં જ નિર્ણય કર્યો કે લોકસંજ્ઞા યાને લોક–અભિપ્રાયને કદી ન અનુસરવું, ત્રણ લોકના નાથ અને તેમના વચનોને જ વફાદાર રહીને જીવન જીવવું.

લોક સંજ્ઞાથી પર બનવાનું કામ સહેલું નથી. તે માટે શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોનું અવલંબન લેવું જોઈએ.

જે સહાય કરે તે સાધુ છે અને જે જ્ઞાન આપે તે ગુરૂ છે. તેથી શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો દૃષ્ટિ બદલવામાં સહાયક છે. માટે પરમ સાધુ છે. અને સાચું જ્ઞાન આપીને અજ્ઞાન રૂપી અંધકાર દૂર કરી રહ્યા છે, માટે પરમગુરૂ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમના અવલંબને આપણી અયોગ્યતાઓના ાસ અને યોગ્યતાઓનો વિકાસ શક્ય છે, તેથી તેને જ પરમગુરૂ માનીને, તેમના ચરણોમાં સેવક બનીને, તેમની જ ઊપાસનામાં રક્ત રહેવું જોઇએ. બીજાઓને પણ એ રીતે જ સહાયક બની શકાય. બીજી કોઈ રીત સાચા સહાયક બનવામાં ઉપયોગી થઇ શકતી નથી, એ દષ્ટિ-બિંદુ કેળવવાથી મન ઉપરનો ખોટો ભાર ઉતરી જાય છે. મન હલકું બને છે, તેની સાનુકુળ અસર દ્રવ્ય ભાવ ઉભય પ્રકારના સ્વાસ્થ્ય પર થાય છે.

સૃષ્ટિ પર ભાર આપવાને બદલે સ્વ પર દષ્ટિ પર આપવાથી વૈષમ્યને પચાવવાની શક્તિ આવે છે. સામ્ય સુલભ બને છે. વ્યક્તિગત રાગ-દ્વેષ વિલીન થાય છે. અને સમષ્ટિગત એક નવી દષ્ટિ પ્રાપ્ત થાય છે. Personality વિલીન થઈને Individuality દ્વારા Univeraslity અને Supremacy પમાય છે.

આ દષ્ટિને પરમેષ્ઠિ-દષ્ટિ કહે છે.

ક્રોધ જલન શમ જલધરૂ માન મહાતરૂ હસ્તીરે,
દંભ ઉરગ વિષ જાંગુલી લોભ સમુદ્ર અગસ્તીરે.
( અધિ-૨, ઢાળ ૧ કડી ૨૪ )

શ્રી સુધર્મા સ્વામીજી ક્રોધાગ્નિને શાંત કરવા સમતારૂપી મેઘમાળા જેવા હતા. માનરૂપી મહાવૃક્ષને ઉખેડી નાખવા એઓ હાથી જેવા હતા, દંભના સાપનું વિષ દુર કરવા એઓ જાગુલી-મંત્ર સમાન હતા. અને લોભના સમુદ્રને પી જવા તેઓ અગસ્ત્ય ઋષિ જેવા હતા.

"શાંતિ સૌરભ"માંથી પા. ૨૩ સાભાર.

## ઘાસના પુળા

સાંજનો સમય.

પ્રતિક્રમણની પવિત્ર ક્રિયા ચાલી રહી છે.

પૂ. યશોવિજય મહારાજ કાશીથી ન્યાયાચાર્ય અને ન્યાય વિશારદની પદવી લઇને હમણા પધાર્યા હતા. તેઓ પણ સાધુ મંડળીમાં બેઠા હતા. શ્રાવકોને સાધુ મહાત્માઓ પર ખૂબ પ્રેમ ભક્તિ.

સજ્ઝાય બોલવાનો સમય થયો ત્યારે એક શ્રાવકે કહ્યુ ગુરૂદેવ આજે તો કાશીના ન્યાયાચાર્ય મુનિરાજને સજ્ઝાયનો આદેશ ફરમાવો, અમે સાંભળીએ. એ દિવસે તો યશોવિજય. મહારાજ ન બોલ્યા, પણ બીજે દીવસે તેમણે સજ્ઝાયનો આદેશ માંગ્યો. ગુરૂદેવે આપ્યો. અને એમણે સજ્ઝાય શરૂ કરી. કદાચ તે દિવસે નવી કરેલી સજ્ઝાય. એક ઢાળ બીજી ઢાળ ત્રીજી ઢાળ ન ચઢાણ કે ન વિસામો·

પેલા શ્રાવકે કહ્યું સાહેબ કેટડી મોટી સજ્ઝાય છે. કેટલી ઢાળ હવે બાકી છે.

હસતાં હસતાં ન્યાયાચાર્ય બોલ્યા. આ તો કાશીમાં ત્રણ વર્ષમાં જે ઘાસ વાઢયું છે. તેના પૂળા વળાઇ રહ્યા છે. વાર તો લાગેને.

બધાય બોલી ઊઠયા ધન્ય મુનિરાજ ધન્ય. આવો નિર્દોષ આનંદ પણ શ્રાવકો માણતા હતા, કુટુંબના પ્રેમાળ સભ્યો જેવા પરસ્પર પ્રેમ રહેતો હતો.

"શાંતિ સૌરભ"માંથી પા. ૩૬ સાભાર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • નવધા ભક્તિનું સ્વરૂપ

• લે. પૂ. આ. શ્રી કુંદકુંદસૂરિજી મ. સા.

( અનુસંધાન ગતાં પૃષ્ઠ ૮૭ )

**આ** રીતના વંદન પછી ભક્ત, ભાવપૂર્વક દેવાધિદેવની પ્રતિમાની પૂજા શરૂ કરે છે.

પૂજામાં તે નીતિની કમાઈના સ્વ-દ્રવ્યનો ઉપયોગ કરે છે. અને તે દ્રવ્યો પણ શ્રેષ્ઠ પ્રકારના હોય છે.

ત્રિભુવનમાં શ્રેષ્ઠ એવા શ્રી જિનેશ્વરદેવની પ્રતિમા ભક્તને મન શ્રી જિનેશ્વરદેવ જેટલી જ પૂજનીય હોય છે. એટલે તે તેમની પૂજામાં ઉત્કૃષ્ટ પ્રકારના કેસર, સુખડ, બરાસ, પુષ્પો વગેરે ઉત્કૃષ્ટ ભાવપૂર્વક વાપરે છે.

શ્રી જિનપ્રતિમાના એક એક અંગે પૂજા કરતાં તેના મનનો મોર નાચી ઉઠે છે, તે એવી સંભાળ પૂર્વક પૂજા કરે છે કે જરા પણ આશાતના ન થાય. પોતાના નખનો કોઈ ભાગ **પ્રતિમાજીને ન અડી જાય તેની સાવધાની પણ તે બરાબર રાખે છે ?**

નખ અડી જાય તો શું થાય?

મોટી આશાતના થાય. તેનું શું કારણ?

કારણ એ કે-

નખ નિષ્પ્રાણ હોય છે એટલે તેનો સ્પર્શ થવાથી ચેતના તંત્રને ધક્કો પહોંચે છે અને પૂજાનું શાસ્ત્રોક્ત ફળ ભક્ત પામી શકતો નથી.

રાજાની પણ અદબ જાળવવી પડતી હોય છે તો રાજાઓના રાજાના પણ મહારાજા એવા શ્રી જિનરાજની પ્રતિમાની અદબ ન જાળવી શકીએ તો તેમના ભક્ત કઈ રીતે ગણાઈએ ?

શાસ્ત્રમાં જે પ્રકારે જિનપૂજા કરવાનું ફરમાન છે, તે જ પ્રકારે પૂજા કરવાથી તે પૂજાનો તથા પ્રકારનો લાભ પૂજા કરનારને મળે છે.

શાસ્ત્રો કહે છે કે અષ્ટપ્રકારી પૂજા કરવાથી આઠે પ્રકારના કર્મોનું નિકંદન કાઢવાનું હૈવત આત્મામાં પ્રગટે છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોનું રૂપાંતર થઈ જાય છે. ચારે કષાય કમજોર પડી જાય છે. સર્વ પ્રકારની દ્રવ્ય મુર્છા નામશેષ થવા માંડે છે શુભ ભાવમાં અવરોધક રાગ અને દ્વેષ દૂબળા પડી જાય છે.

જગતમાં પૂજાવાના મોહને નાશ કરવાનો ઉપાય જગપતિ શ્રી જિનરાજને ભાવપૂર્વક પૂજવા તે છે. તે પૂજન તે તેઓશ્રીની ઉત્કૃષ્ટ ભાવદયાનું પૂજન છે, પરમેશ્વરત્વનું પૂજન છે. સ્વભાવે અચિંત્ય શક્તિ યુકત સમતાનું પૂજન છે. પરમ સામાયિક યોગનું પૂજન છે સર્વને સર્વથા પૂજ્ય પરમાત્વ-તત્વનું પૂજન છે.

"જિન પ્રતિમા જિન સારિખી "એ વચનની યથાર્થતાને આવકારી ત્યારે જ ગણાય, જ્યારે આપણે સ્વયં શ્રી જિનરાજને પૂજતા હોઈએ. તે ભાવપૂર્વક તેઓશ્રીની પ્રતિમાની પૂજા કરીએ.

આપણે આમ કરીએ કે ન કરીએ, પણ શ્રી જિનભક્ત તો જિન પ્રતિમાને સાક્ષાત્ શ્રી જિનરાજ સમજીને જ પૂજે. સદ્ભક્તિનો તકાજો તેને તેમ કરવાની ફરજ પાડે છે.

શ્રી જિન પ્રતિમા કેવી છે ?

શાન્તાકાર, નિસ્તંદ્ર મુદ્રા મંડિત, પદ્માસનસ્થ કે જેના દર્શન વંદન-પૂજન કરવાથી આત્માને વળગેલો પૂદ્ગલની પૂજાનો મહા રોગ ઝડપથી નાબૂદ થઈ જાય અને પૂજવા જેવા પરમાત્માને આત્મામાં પૂજતો થાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**दर्शनाद् दुरितध्वंसी, वन्दनाद् वांच्छितप्रतः,**
**पूजनात् पूरकः श्रीणां, जिन साक्षात् सुरद्रुमः ॥**

એ શ્લોકનો સાક્ષાત્કાર સાચા જિનભક્તને થાય.

આજ સુધી આ આત્માએ દર્શન ઘણાનાં કર્યાં, વંદન ઘણાને કર્યાં, પૂજન પણ અનેકનાં કર્યાં, છતાં તે ઠેરનો ઠેર રહ્યો તેનું કારણ એ છે કે તેણે ખરેખર દર્શનીય, વંદનીય અને પૂજનીય શ્રી જિનેશ્વર દેવના દર્શન-વંદન-પૂજનમાં જીવ ન પરોવ્યો, મન ન પરોવ્યું.

પૂજાનાં શું રાખ્યું છે? એમ કહેનાર ભાઈને પૂછો કે તને તારી પૂજા ગમે કે નહિ? પૂજાવાનો આ મોહ મારક છે. તેનો નાશ શ્રી જિનપૂજાથી થાય છે. કારણ કે શ્રી જિનરાજ સર્વગુણ સંપન્ન પુરૂષ છે.

અપૂજ્યની પૂજા કરવી તે અવિવેક છે.

પૂજનીયની પૂજા કરવી તે વિવેક છે.

અને જ્યારે ભક્ત ભગવાનની પૂજા કરવા બેસે છે ત્યારે તેના હૈયામાં એ ભાવ જન્મે છે કે હવે મારો ભવ સફળ છે.

ભાવથી શ્રી જિનપૂજા કરવાથી પરિણામ પવિત્ર થાય છે, એટલે ચિત્ત પ્રસન્ન થાય છે.

અને પછી તેવો ભક્ત શ્રી જિનપ્રતિમા સન્મુખ ચૈત્યવંદન શરૂ કરે છે.

ખમાસણાં દઈ જંકિંચિ બોલી જ્યારે તે શ્રી નમુત્થુણં સૂત્રમાં પ્રવેશ કરે છે ત્યારે એનું હૈયું હાથ નથી રહેતું. તેનો આત્મા અરિહંત ભાવથી વાસિત થાય છે. તેને શ્રી અરિહંત દૂરની કોઈ વ્યક્તિ નથી લાગતા. પણ મારો આત્મા અને શ્રી અરિહંત એક છે, એવું ભાવ એકત્વ અનુભવવા મળે છે.

ચૈત્યવંદન કરી અન્નત્થ બોલી લોગસ્સનો કાઉસગ્ગ યા શ્રી નવકાર સ્મરણ કરવાનું હોય છે. અને તે વખતે ભક્ત સ્વ માંથી ખસતો ખસતો પરમાત્મામાં પ્રવેશે છે. તેની આંખો નિર્નિમેષ બને છે. આસન બરાબર બંધાઈ જાય છે. ધબકારાના તાલ બરાબર સંભળાય છે. નાભિ-કમળ વિકસ્વર થાય છે. જેમ સૂર્ય-કિરણના સ્પર્શે જળકમળ વિકસ્વર થાય છે,

અને આમ એક પછી એક કક્ષા વટાવતો ભક્ત, ભગવાન શ્રી જિનેશ્વરના ધ્યાનમાં એકાકાર થાય છે. ત્યારે હું અને પરમાત્મા જુદા, એવા બે આકાર તેના મનમાં નથી હોતા.

પરમાત્માનું ધ્યાન લાવ્યું આવતું નથી. પણ તેની ભૂમિકાએ આવે છે. એ ભૂમિકાનું ઘડતર આ રીતની ભક્તિની પ્રક્રિયા દ્વારા થાય છે, અને તેમાં શુદ્ધ દ્રવ્ય જેટલું જ મહત્વ સમર્પણ ભાવનું છે.

પાણી પૂરેપૂરૂં ઉકળે છે ત્યારે તેમાંથી વરાળ નીકળે છે, ઠંડા પાણીમાંથી વરાળ નથી નીકળતી, તેમ દસે પ્રાણો અને સાતે ધાતુઓ જ્યારે ભક્તિની ઉષ્મા વડે પોષાય છે ત્યારે તેમાંથી ધ્યાનદશા જન્મે છે.

સાંસારિક પદાર્થોનું ધ્યાન જીવને સહજ છે. તેનું કારણ અનાદિકાળનો તથાપ્રકારનો અભ્યાસ છે.

જ્યારે પરમાત્માનું ધ્યાન ઘણા પરિશ્રમ પછી સુસાધ્ય બને છે. કારણ કે તેનો અભ્યાસ નહિવત છે.

વેપારીને ઘરાકનું ધ્યાન સહજ છે.

અંતઃકરણમાં જેની લગની હોય છે તેના ધ્યાન માટે પ્રયત્ન કરવાનો નથી રહેતો.

પણ જ્યાં સુધી પરમપદની લગની નથી લાગતી ત્યાં સુધી પરમાત્માનું ધ્યાન અસ્થિ-મજ્જાવત્ નથી બનતું.

આત્માનો સ્વભાવ કયો? તે સ્વભાવમાં રમણતા પરમાત્માને ભજવાથી જ આવે છે.

તે સ્વભાવને સામ્યભાવ યાને સમતા કહે છે. અને તે જ શુદ્ધ આત્માનો સ્વભાવ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર પદાર્થોની ભક્તિ કરવાથી તે સ્વભાવ વિકૃત થાય છે, માટે તેની ભક્તિને અસદ્ભક્તિ કહી છે, અને આત્માના સ્વભાવની શુદ્ધિ કરનારી ભક્તિને સદ્ભક્તિ કહી છે.

તેની પ્રાપ્તિ પરમ વિશુદ્ધ પરમાત્માની ભક્તિ કરવાથી આવે છે.

ભક્તિ એટલે ભક્તિ !

બે મટીને એક થવાની પ્રક્રિયા.

તેમાં 'હું' છેલ્લો રહે 'મારૂ' મરી જાય. એક શ્રી જિનરાજ અને તેમના ગુણો જ બધે છવાઇ જાય.

ધ્યાન દશામાં આવો અનુભવ થાય છે

ધ્યાનના અગ્નિમાં એ તાકાત છે કે કરોડો વર્ષે પણ નાશ નહિ પામનારા કર્મોને તે અગ્નિ અંતમુહૂર્તમાં બાળી નાંખે છે. કારણ કે તે અગ્નિ આત્માના ઘરનો હોય છે. શુદ્ધ જ્ઞાનજ્યોતિ સ્વરૂપ હોય છે.

દોરડા પર ચાલતો નટ ધ્યાન ચૂકે તો ધરાશાયી થાય. અને મોતના મુખમાં ધકેલાઇ જાય તેમ પરમાત્માનું ધ્યાન ચૂકનાર ભક્ત પણ પરિણામ પતિત થઈને અનંત સંસારી બની જાય.

પરમાત્માનું ધ્યાન એ એક એવું ધન છે કે તેની કિંમત કોઇ આંકી શકતું નથી. માટે તેનું જીવની જેમ જતન કરવું જોઇએ.

જીવન વ્યવહારમાં આપણું ધ્યાન આત્મામાં નથી રહેતું તે એમ બતાવે છે કે આપણી ભક્તિ કાચી છે.

સાચી ભક્તિવાળા મહાન આત્માઓ તો "મેરા મન તુમસે રે લીનો, મીન વસે જ્યું જલમેં સાહેબજી! તું મેરે મનમેં, તું મેરે દિલમેં ! એ જ પંક્તિઓમાં જીવન જીવતા હોય છે.

વિજાતીય કોઈ પણ પદાર્થનું ધ્યાન, આત્મા માટે, હિતકારી નથી. તે ધ્યાનથી આત્માની શુદ્ધિ ઓછી થાય છે, શક્તિ કુંઠિત થાય છે.

જ્યારે પરમાત્માનું ધ્યાન, આત્મા માટે સર્વ અપેક્ષાએ હિતકારી છે, કારણ કે પરમાત્મા અને આત્માની જાતિ એક જ છે.

માટે હર હાલતમાં શ્રી અરિહંત પરમાત્મ.નું ધ્યાન લાવનારી શ્રેષ્ઠ ભક્તિ આપણે કરવાની છે. તેમાં આપણે શ્રી અરિહંતના બનવાનું છે. તેમની આજ્ઞાને સમર્પિત થવાનું છે. મન તેમને સોંપી દેવાનું છે, આત્માને તેમના ઉપયોગમાં રાખવાનો છે.

(અપૂર્ણ)

---

જંબૂકુમારના લગ્ન મંડપનું ભાવવાહી વર્ણન કર્યા બાદ પીઠી ચોળાઈ ગયા બાદ જંબૂકુમાર સ્નાન કરીને ઊભા થાય છે ત્યારે એમના વાળમાંથી ટપકતાં જળ બિંદુને આંસુ સાથે સરખાવીને આ સરખામણીનો હેતુ રજુ કરીને તો કવિએ એક અદ્ભુત કલ્પના સૃષ્ટિ સર્જી છે. આ વાંચીને સહૃદય ભાવક આનંદ વિભોર થઈ વાહ વાહ બોલી ઉઠે છે.

નીચોઉંનુ પાણીરે ન્હાયા જંબુશિર જાણીરે
લોચ ટુકડો માનુ એ કેશ આંશુ ઝરઈરે

( ઢાળ ૨. કડી ૭૯ )

જંબુસ્વામી એ ભલે લગ્ન કરવાનું સ્વીકાર્યું પણ લગ્નના બીજે જ દિવસે તેઓ સંયમી થવાના હતા. એથી સંયમ સમયે માથે શોભતી કાળી ભમ્મર કેશાવલિ શરીરના સિંહાસનેથી ફેંકાઈ જવાની હતી; આ બહિષ્કારનું દુઃખ યાદ આવતાં જ જાણે જંબુસ્વામીની કેશાવલિ સ્નાન બાદ ટપકતા જલબિન્દુના બહાને રડી રહી હતી એટલે કે એ ટપકતા જલબિંદુ નહોતા એ તો આંસુ હતા આંસુ હતા આંસુ :-

"શાંતિ સૌરભ"માંથી પા. ૨૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • ઠરવું ક્યાં !

• રતિલાલ માણેકચંદ શાહ–નડિયાદ

**આ** જગતમાં ઠરવા જેવું સ્થળ કયું? તેના પ્રતિ ઉત્તરમાં શાસ્ત્રોમાં એમ અંકિત કરવામાં આવ્યું છે કે, ઠરવા જેવું એકજ સ્થળ છે અને તે તારો આત્મા જ છે. બીજે ક્યાંય પણ ઠરવા જેવું નથી, વીતરાગ પ્રભુના આ વચનો છે. માટે તે વચનો પર વિશ્વાસ રાખી આત્માના ઠરવાનો પુરૂષાર્થ આચરીએ.

"રાજા ગોપીચંદને એની માતાએ કહ્યું કે હે બેટા! તારી આવી કંચન વર્ણી કાયા પણ એક દિવસે અગ્નિને હવાલે થશે જે બળીને ખાખ થઈ જશે" માટે હું તને કહુ છું કે, તું એવો પુરૂષાર્થ આચર કે જેથી બીજી મા જનની ન કરવી પડે, એટલે કે બીજો જન્મ જ ન લેવો પડે, જન્મ છે તો મરણ પણ છે. જે ભવનું વિષ ચક્ર છે, તેને ગતિ આપનાર કર્મો છે. જે અનંતા દુઃખોની ગર્તામાં ધકેલી દે છે, માટે કર્મોને જ લુપ્ત કરી દે. વિભાવ દશામાં આપણે આળોટતા હોવાથી પોતાના શુદ્ધ સ્વરૂપને પિછાની શકતા નથી, તેની અનુભૂતિ કરી શકતા નથી. તેથી ભવભ્રમણમાં અટવાઈને અનંતા દુઃખો ભોગવ્યાજ કરીએ છીએ.

પૂર્વે ભયંકર કર્મો બાંધનારને પણ પોતાની ભૂલ સમજાઈ ત્યારે તેઓ પ્રભુના ચીંધ્યા માર્ગે ચાલ્યા છે તેઓ વિભાવ દશામાંથી ગૂંલાટ મારી સ્વભાવ દશામાં સ્થિર થયા હતા અને ઘાતી, અઘાતી કર્મોને વિલીન કરીને પૂર્ણતાએ પહોંચ્યા હતા, તો આપણે તે પદને કેમ ન પામી શકીએ? વીતરાગ ભગવંતે કહ્યું છે કે, જરૂર પહોંચી શકાય, (પામી શકાય) જરૂર છે તે તરફના પુરૂષાર્થની, તે પથ પર પ્રયાણ કરવાની, જો તેમ કરીએ તો અવશ્ય પૂર્ણતાએ પહોંચીએ, જે નિઃશંક હકીકત છે, કરવાની છે કેવળ સ્વરૂપની ખોજ અને તેમાં ઠરવાનું છે, જે કરવાનું છે તે આજ છે, બાકી તો આ વિકટ સંસારમાં ઠરવા જેવું એકે સ્થળ નથી.

બાકી તો સંસારમાં જ્યાં અને ત્યાં કજીયા, કંકાસ, વિષાદ, અહં. મારૂ, તારૂ. સારૂં, નરસું. ઉચ, નીચ, વાડા, વેશ, પૌદગૂલિક સુખ મેળવવા તેની પાછળ પાગલ બની ઘૂમવું, ભોગ, વિલાસ વગેરે જે અશાંતિનું કારણ છે તે સવિશેષ જોવા મલે છે શાંતિ, સુખ, આનંદ સંસારના કોઈ પણ પદાર્થોમાંથી મેળવી શકાય તેમ નથી, તે તો આત્મામાં જ છે, જે તેના અભેદ ગુણો છે; જરૂર છે તેમાં ડૂબકી દેવાની; તેનો અનુભવ કરવાની, તે તરફનો પુરુષાર્થ આચરવા માટે પ્રથમ તો સુગુરૂ, સુદેવ, સુધર્મ અને સુશાસ્ત્રોને શરણે જવું પડશે, તેમના પર દૃઢ વિશ્વાસ સ્થાપવો પડશે, શાસ્ત્રોમાં આલેખવામાં આવેલા તત્ત્વોને જેમ છે (વીતરાગ ભગવંતે કહ્યા છે તેજ પ્રમાણે) તેમ સમજવા પડશે, તેનું અમલીકરણ કરવું પડશે, આત્માના જે મૂળગુણો સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્રનું પ્રગટીકરણ કરવું પડશે. જેથી અખંડ સુખ, આનંદ, જ્ઞાનનો આવિષ્કાર થશે, આ ત્યારેજ બની શકે કે જ્યારે આપણને સદ્ગુરૂનો સત્સંગ થયો હોય, તેમના સિવાય સાચો રાહ કોણ બતાવે? સત્ય પથના પ્રદર્શક સિવાય સાચા પથ પર કોણ દોરે? અને જો સત્ પથ ન લાધે તો મંઝિલે પણ કેમ પહોંચાય; "ગુરૂ ગોવિંદ દોનો ખડે, કીસકો લાગુ પાય બલિહારી ગુરૂરાજકી જિસને ગોવિંદ દીયો બતાય." ગોવિંદ એટલે સ્વાત્મા સ્વસ્વરૂપની સાચી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓળખ કરાવનાર જો કોઈ હોય તો, તે સદ્ગુરુજ છે. તેમનો મહિમા અપાર છે, તેમનો ઉપકાર અસિમ છે. જે ભવના તારણહાર છે, તેમને શરણે ગયા સિવાય આધ્યાત્મિક પથ પર પ્રયાણ થઈ શકે જ નહિ

આ જગતના પ્રત્યેક જીવો, જે પોતાનું નથી, તેને પોતાનું માને છે (શરીર–સ્ત્રી, પુત્ર, પરિવાર, લક્ષ્મી, વિગેરેને ) અને જે પોતાનું છે, (શુદ્ધ સ્વરૂપી આત્મા તેને ભૂલી જાય છે; તેથી જે પોતાનું નથી તેને પોતાનું બનાવવા અથાગ જહેમત ઉઠાવે છે, તેની પછવાડે ઉત્કટ ઉત્કૃષ્ટ એવો મનુષ્ય ભવ વેડફી નાખે છે, જેમકે કાગડાને ઉડાડવા ચિંતામણિ રત્ન જે પોતાના હાથમાં રહેલું છે તેને ફેંકી દે છે. જ્યારે મનુષ્ય ભવ તો તેથી પણ સવિશેષ મૂલ્યવાન છે, અતુલ છે, તેને બાહ્ય પદાર્થો પછવાડે ગૂમાવી દેવો તે શું યોગ્ય છે? બાહ્ય પદાર્થો પાછળ પાગલ બનીને જે ઘૂમે છે, તે એવા ચીકણા કર્મો ઉપાર્જન કરે છે કે જેથી અનંતા ભવો સુધી ભવસાગરમાં ભટકવું પડે છે, જે અત્યંત દુઃખ પ્રદ છે. આયુષ્ય પૂર્ણ થતાં આપણો આત્મા, સંયોગે મળેલ આ જડ શરીર તેમજ અન્ય દ્રવ્યો અહીંયાજ મૂકીને ચાલી નીકળે છે તે સાથે જતા નથી. જાય છે કેવળ આત્માએ ઉપાર્જન કરેલ શુભાશુભ કર્મો, જે ભોગવવા સંસારની આવન જાવન ચાલુ રહે છે, અને જેને પોતાનું માન્યું હતું, તે આ શરીર, પુત્ર, પરિવાર, સ્ત્રી, લક્ષ્મી, બાગ, બગિચા, બંગલા વિગેરે અહીંજ પડયા રહે છે; જેના પ્રારબ્ધમાં તે લખાયા હોય તે, તે વાપરે છે. તો પછી તેને મારૂં કહી જ કેમ શકાય ? તેમ માનવું તે આપણી ભયંકર ભૂલ જ ગણાયને ?

તારૂં જે છે તેતો, તારી પાસેજ છે. તેતો અમર છે, અભેદ છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ વગરનું છે, અતીત, અનાગત અને સાંપ્રત કાળમાં પણ તારી સાથેજ રહેનાર છે. 'તેજ તું છો' અન્ય બીજું કાંઈ નહિ માટે જે તારૂં છે તેમાં તું ઠર અને તેના મૂળ ગુણોનો આવિષ્કાર કર. વિભાવ દશાને વિલીન કરી, સ્વભાવમાં ડૂબકી લગાવ, આત્માની અનુભૂતિ કરવા માટે આવો પુરૂષાર્થ આચરવો અત્યંત આવશ્યક છે, જે કાર્ય મુશ્કેલ છે પણ અશકય તો નથી જ.

મોક્ષ છે મોક્ષ મેળવવાનો ઉપાય પણ છે. તે માટે ભગીરથ પુરુષાર્થ આચરવો જરૂરી છે, જરૂર છે તે તરફની જીજ્ઞાસાની. તે મેળવવા મચી પડવાની, નિતાંત પુરૂષાર્થની, વીર્યને તે તરફ ફેરવવાની, જો તે અશકય હોત તો કોઇ પણ આત્મા પૂર્ણતાએ પહોંચ્યોજ ન હોત, પરંતુ અનંતા આત્માઓ પૂર્ણતાને પામ્યા છે જે નિઃશંક હકીકત છે. "સર્વ આત્મ સિદ્ધ સમજે સમજે તે થાય" પ્રત્યેક આત્મા સિદ્ધ થવાની શક્તિ ધરાવે છે. જરૂર છે તે તરફના પુરુષાર્થની. કેવળ વાતો કર્યે ત્યાં પહોંચાય નહિ તે પ્રાદુર્ભૂત કરવા પ્રથમ સત્ સમજવું જોઇએ, આચરવું જોઈએ. જ્ઞાનવંત ભગવાન મહાવીર સ્વામી બાર વર્ષ સુધી જાગૃત અવસ્થામાં રહ્યા, તે દરમ્યાન નિરંતર સ્વસ્વરૂપનું ચિંતન કર્યું અનેક પરિષહો સહન કર્યા, તો પછી આપણા જેવા વિભાવદશામાં આળોટતા જીવોને તો, સવિશેષ પુરૂષાર્થ આચરવો જોઈએ જ નિઃશંક હકીકત છે.

અનેક સાગરોપમના આયુષ્યવાળા જીવો દુઃખોથી સંતપ્ત રહે છે. એવા નારકીના વર્ણનો આપણે ક્યાં નથી સાંભળ્યા ? કુંભી પાકની પીડાઓ અને અગ્નિ તેમજ શરીરોથી વધ થઇને ભયંકર એવા દુઃખો નારકીમાં સહ્યા. જો આપણને વીતરાગ ભગવંતના વચનોમાં વિશ્વાસ હોય તો નારકીના ભવોમાં જે દુઃખો સહ્યા. તેની સરખામણીમાં આ ભવમાં આવતાં દુઃખો કાંઈ વિસાતમાં નથી. આ ભવમાં કેટલા સમયનું દુઃખ ? પાંચ, પચીસ, પચાસ કે સો વર્ષનું કયાં નારકીનાં સાગરોપમના દુઃખો અને કયાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનુષ્ય ભવના અલ્પ દુઃખો? ખરેખર પ્રભુ વીતરાગના વચનો પર વિશ્વાસ રાખનારા કદાપિ દીનદુઃખી થતાં નથી, ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ તે તો સ્વભાવમાં લયલીન રહે છે. આનંદમાં મસ્ત રહે છે.

અવારનવાર નારકીના દુઃખો યાદ કરી, અન્ય પદાર્થો પર વિરકત ભાવ ધારણ કરી, આયુષ્યને અસ્થિર સમજી પર પદાર્થોને હેય સમજીને સ્વરૂપમાં મગ્ન રહે છે, આ પ્રમાણે વીતરાગ ભગવંતે ચીંધ્યા માર્ગે ચાલીને પોતાના મૂળ ગુણોનો આવિષ્કાર કરે છે, અને આત્મામાં ઠરે છે. ઠરવાનું સ્થળ ફક્ત આ એકજ છે, તે ન ભુલવું જોઇએ.

## —: આધ્યાત્મિક જ્ઞાન શિબિર :—

પરમ પૂજ્ય યુવક જાગૃતિ પ્રેરક ૧૭ આધ્યાત્મિક જ્ઞાન શિબિરના પ્રવચનકાર ગણિવર્ય શ્રી ગુણરત્નવિજયજી મ સા.ની શુભ નિશ્રામા આધ્યાત્મિક જ્ઞાન શિબિર રાણકપુર તીર્થની પાસે રાનીગાંવ જીલ્લો પાલી રાજસ્થાન મુકામે તા. ૨૨-૫ ૮૭થી તા. ૭-૬-૮૭ સુધી દિવસ ૧૭ રાખવામાં આવેલ છે. રહેવા-જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક (ફ્રી) જવા-આવવાનું ૧૦૦% રેલ્વે ભાડુ શિક્ષણ હીન્દી માધ્યમમાં-મૌખિક તેમજ લેખીત પરીક્ષા અને તેમાં પહેલો નંબર પ્રાપ્ત કરનારને રૂા. ૧૨૫/- પુરસ્કાર તરીખે ઇનામ અને બીજા શિબિરાર્થી વિદ્યાર્થીઓને યથા યોગ્ય ઇનામ પ્રમાણ પત્ર વિગેરે આપવામાં આવશે તો દરેક વિદ્યાર્થીઓએ સારી સંખ્યામાં લાભ લેવા વિનંતી.

પ્રવેશ પત્ર તેમજ માહિતી માટે :—

**શ્રી કીર્તિકુમાર ગીરધરલાલ શાહ** વડવા-ચોરા સોની ફળીયા સામે, **ભાવનગર**-૩૬૪૦૦૧

મુખ્ય કાર્યાલય : **श्रीजैन आराधक मंडल,**
**श्री सुपार्श्वनाथ जैन देवस्थान पेढी,**
मु. पो. रानी कलां, स्टेशन रानी,
जीला : पाली (राज.) Pin. 366 115. फोन : 128

"શિબિર એટલે જીવનનું માધુર્ય"

## સ્વર્ગવાસ નોંધ

શ્રી વનમાળીદાસ જીવણલાલ શાહ સંવત ૨૦૪૩ના ચૈત્ર વદ ૭ને સોમવાર તા. ૨૦-૪-૮૭ ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી મીલનસાર સ્વભાવના તેમજ ખુબજ ધાર્મિક વૃત્તિના હતા. સભા પ્રત્યે અપૂર્વ પ્રેમ ધરાવતાં હતાં. શાસનદેવ તેઓશ્રીના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.



For Private And Personal Use Only

# • કોણે માટે ?

• લે. પં. શિલચન્દ્રવિજયજી ગણી.

નેમચંદ શેઠ ભારે ખિન્નતા અનુભવી રહ્યાં હતા. ઘેરથી નીકળ્યા હતા તો જંગલ જવા, પણ મનમાં સ્વસ્થતા ન હતી મનમાં તો આજના બનાવના જ વિચારો ઘોળાતા હતા; અરે રે, હું કેવો પાપી ! કોઇ દિવસ કોઇનેય ન ઠગનારો હું, પ્રામાણિકતા અને નીતિનાં નિયમોથી કદી ન ચળનારો હું આજે વધુ નહિ ને એક રૂપિયો, ફક્ત એકજ રૂપિયો વધુ મળે, એ માટે મતિ અને નીતિને નેવે મૂકી બેઠો ! અને બીજા કોઇનેય નહિને એક અભણ અબુઝ રબારણને ઠગવાની મને કમત સૂઝી ! કોઈ હોંશિયાર ઘરાકને ઠગ્યો હોત તોય કંઇક લેખે લાગત. પણ આતો એક રબારણ. કેવી ભલી ભોળી એ ગામડિયણ બાઇ હતી ! બિચારી કપાસ લેવા આવી હતી. હવે આમેય કપાસ રહ્યું સોંઘું, એટલે એક રૂપિયામાં ઘણુંબધું કપાસ આવે. મેં જોયુ કે બાઇને કાંઇ ગતાગમ નથી, તે લાવી છે બે રૂપિયા. આવો લાગ વારંવાર નથી આવતો એમ ધારીને મેં રોકડા રાણીછાપ બે રૂપીયા એની પાસેથી લઇ લીધાં ને મારો માંહ્યલો સળવળે એ પહેલાં તો એક રૂપિયાનાં કપાસના બે ભાગ પાડીને બે વાર એનો તોલ કર્યો. આ જોઈને પેલીને થયુ હશે કે શેઠ કેવા ભલાં છે ! એને કલ્પનાય ક્યાંથી હોય કે શેઠે મને છેતરી છે ! એ તો મોં પર આભારની લાગણી દેખાડતી મેં આપેલો માલ લઇને ચાલી ગઈ. મને હવે લાગે છે કે ભલભલા હોંશિયાર વેપારીને, એનું ભલું ભોળું મોં જોઇનેજ, એને ઠગવાનું મન ન થાય અને છતાં મેં એને ઠગી. પણ એ વખતે મને આવું વિચારવાની કયાં નવરાશ હતી ? અરે. હું એ વખતે પોષ પોષ પોમાયો હતો ! રે ! ત્યારે હું કેવો વરવો લાગતો હઇશ ? નેમચંદ શેઠે મનોમન પોતાની જાતને પ્રશ્ન પૃછયો.

પણ મને તો, શેઠનો વિચાર પ્રવાહ આગળ વધ્યો. મને તો જીભ પર મીઠી ચળ આવવા માંડી હતી. મનમાં ચટપટી જાગી હતી. પેલો ગોળ ગોળ રૂપિયો જોઇને. કે આજે તો કાંઈક નવું ખાવું છે. હાસ્તો, ઘઉં ને કમોદ તો જનમ્યા તે દાહડાના લલાટે ચોપડાયાં જ છે. એટલે આજે જો છતી સગવડે નવું ન ખાઉં, ખાવાનું મન ન થાય, તોતો મારા જેવો મૂર્ખ કોણ ? ને શેઠ સ્વગત હસી પડયાં.

વળતી જ પળે વિચારનો દોર પાછો સંધાયો: આ ઈચ્છા થઇ કે તરતજ મેં ઘેર કહેડાવ્યુ કે 'દાળ રોટલીનો આજે અણોજો રાખવાનો છે. આજે ઘેબર બનાવજો ' અને મારે માલ સામાન કયાં પારકી દુકાને લેવા જવાનો છે ? આપણે તો રૂપિયો નાખ્યો ગલ્લામાં ને જરાય ઓછુંવત્તુ ન પડે તેની ચીવટ રાખીને ચોક્ખુ ઘી અને સાકર તોળીને, પેલાં કહેણની સાથોસાથ જ ઘેર મોકલી આપ્યાં. લોટ તો ઘેર હતો જ.

અને આ બધું ઘેર મોકલ્યાંને થોડીક વાર થઈ ન થઇ, ત્યાં તો કોણ જાણે કેમ, પણ મનમાં થવા માંડયું કે કયારે આ ઘરાકી પતે ને હું દુકાન બંધ કરૂં ? કયારે બાર વાગે ને ઝટ ઘેર ભેગો - ઘેબર ભેગો થાઉં ! એક એક ક્ષણ એ વખતે ખૂબ લાંબી, ગાડાંના પૈડાં જેવડી મોટી લાગતી હતી. જાણે આજે જનમ આખાંની ભૂખ ભાંગવાની હશે !

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રસ્તે ચાલ્યા જતા શેઠ વિચારે છે: મેં તો મને કે કમને ઘરાકોને જોઇતો માલ મેળવી આપ્યો, ને બની એટલી વહેલી દુકાન બંધ કરીને મેં ઘર ભણી રીતસરની દોટ જ મૂકી. એક તો ભૂખ લાગી હોય, ને એમાંયે ભાવતા ભોજન મળવાનાં હોય ત્યારે મનમાં કેવો અજંપો હોય! પગમાં કેવો વેગ હોય.

રોજ તો પેટની ભૂખ રહેતી. આજે પેટની ભૂખની ચિંતા નહોતી. આજે તો આખે રસ્તે ઘેબર જ મનમાં ઘુમરાતું હતું. લાંબો રસ્તોયે આ વિચારમાં ટૂંકો થઇ ગયો. ઘેર પહોંચતાં જ, હાથપગ ધોયાં ના ધોયાં, પહેરણ ને પાઘડી ઉતાર્યા ના ઉતાર્યાં, ને હું પહોંચ્યો રસોડામાં. ભાણાનો પાટલો માંડેલો જ હતો, તે પર આશા ને હરખભેર બેઠો.

ને શેઠાણીએ તપેલા ઉઘાડયાં. મારી આંખો ઘેબરનાં રૂપ-કદ જોવા તલસતી હતી. મનમાં હતુ કે હમણા જ શેઠાણી સોનાના ચક્કર જેવો ગોળ મજાનો ઘેબર લઈને ભાણામાં ડબકારશે.

પણ...પણ આ શું? શેઠાણીના હાથમાં તો ઘેબર ન બદલ રાટલા છે, કાંસાની થાળી જેવડી ગોળ મજાની રોટલી! એક આખા જમાનાથી કાંસાની થાળી સાથે અને બપોરનાં બ.ર વાગ્યાના સમય સાથે ભાણા પર હાજર થવાને કરાર લઈ થયેલી રોટલી!

શેઠ ચાલતાં ચાલતાંય પળવાર ઉભાં રહી ગયાં. બનેલી ઘટનાનાં વિચારોએ એમનાં સમગ્ર મન ઉપર એવો કાબુ જમાવી દીધો હતો કે એમને કદાચ ખ્યાલ પણ નહતો કે હું અત્યારે સડક પર ચાલી રહ્યો છું. એમની આંખો તો અપલક બનીને શેઠાણીના હાથમાં રહેલી રોટલી જોતી હતી. અને એ સાથેજ એમની કલાકોની કલ્પનાનાં ઘેબરનો-ઘેબરની આશાનો ભાંગીને ભૂકો થતો હતો, વિચાર તંતુને સાંધતા શેઠ આગળ વધ્યાં. ઘડીભર તો મને થયું કે કાંતો મારી આંખો મને દગો દે છે ને કાંતો શેઠાણી મારી મશ્કરી કરે છે.

પણ, શેઠાણીએ તો ખરેખર રોજનો ક્રમ જાળવ્યો. ક્રમસર રોટલી, દાળ ને શાક લાવીને ભાણું ભરી દીધું. એટલે મને લાગ્યું કે ના, ના આ મશ્કરી નથી; આમાં કંઇક ભેદ છે. ને મારાથી ના રહેવાયું. કેવી રીતે રહેવાય! દિવસોની ઇચ્છા ફળવાનું હાથવેંતમાં હોય, ને એ ઇચ્છા પૂરી ન થાય, તો બીજુ તો ઠીક, પણ કારણ-એનો ભેદ જાણવાની આતુરતા તો રહેજ ને? મેં તો કંઇક વ્યગ્રતાથી ને કંઈક ચીડ સાથે પૂછી દીધું શેઠાણીને : આજે રોટલી કેમ? ઘેબર કયાં ગયું? મેં કહેવરાવ્યું હતું ને સામગ્રી પણ મોકલી હતી. તોય ઘેબર નથી રાંધ્યું? કે પછી મશ્કરી કરવાનું મન થયુ છે.

મેં કેવી અધીરતાથી આ સવાલો પૂછી દીધેલાં? ભલે ઘરનું માણસ હતું, પણ એની પાસે જાળવવી જોઇએ તેટલીયે લજ્જા મેં ન જાળવી. બહારની વ્યક્તિ આ સાંભળે, તો એના મનમાં મારા માટે કેવી છાપ પડે! પણ મને એ બધું વિચારવાની કયાં સૂઝ હતી તે વખતે? મેં તો આડેધડ સવાલ પૂછી દીધાં.

ને જવાબમાં?.... શેઠાણીએ મોં મલકાવ્યું, મારી વ્યગ્રતા ન વરતે એટલાં એ નાદાન તો નહોતાં જ, ને તોય એમણે મોં મલકાવ્યું એ કહે - એમનાં અવાજમાંયે આનંદ ડોકાતો હતો, આજે તો અણધાર્યું થયું. ઘેબર બનાવ્યાં તો ખરા, પણ મનમાં હતું કે આજે આપણા દીકરી-જમાઇને નોંતર્યાં હોય તો કેવું સારૂ? પણ બન્યો સમયજ કયાં હતો! પણ આશ્ચર્ય! હું થોડીક વારે રસોડામાંથી પરવારીને બહાર આવી તો દરવાજે જ આપણા જમાઇરાજને ઉભેલાં જોયાં. હું તો હરખ પદુડી થઈ ગઈ. એતો એમના કંઇક કામે આવી ચડેલાં, પણ મારી તો ઇચ્છા પૂરી થઈ! તમેજ કહો, પછી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારો હરખ માય ખરો ! મેં તો જમાઈરાજનો પાટલો માંડયો, ને એમને ઘેબર જમાડી દીધું. ઉતાવળ હતી એટલે એ તો જમીને તરત નીકળી ગયા. પણ ત્યાં તો તમારો આવવાનો સમય થયો એટલે મેં ઝટપટ ફુલકાં ગરમ ગરમ ઉતારી દીધા. શાક-દાળ તો હતાં જ.

હું તો મોં વકાસીને શેઠાણીનું લાંબુલચક ભાષણ સાંભળતો જ રહ્યો, પણ એ સાંભળીને મને ખાતરી થઈ કે ઘેબર જરાય બચ્યું નથી ત્યારે મારી સ્થિતિ કેવી થયેલી ? હું કેવો આહત અને ખિન્ન બની ગયેલો ? સ્ત્રીઓનાં જમાઈ પ્રેમની એ પળે મને કેવી સૂગ ચડી આવેલી ; મન તો ખાટું ખાટું થઇ ગયેલ પણ હવે બોલવાનોય કાંઇ અર્થ નહતો. ચિડાવાથી કાંઈ વળવાનું ન હતુ. એટલે રોટલીનાં જેમ તેમ ડૂચાં ગળે ઉતારી લીધાને ઉભો થઇ ગયો. મારૂં વર્તન જોઇને શેઠાણી તો હેબતાઈજ ગયાં. એમને એમની જમાઇ ભક્તિનાં વખાણ સાંભળવા હતા, પણ મારૂં સ્વરૂપ જોઈને જ એ તો ચૂપ-ચાપ પોતાના કામે વળગી ગયાં. હું યે ઘડીકવાર આરામ લેવા માટે હીંચકા પર આડો થયો, પણ ચિત્ત ઠેકાણે ન રહ્યું. એટલે આપણા રામ તો કંટાળીને ઉભા થયાં. ને મન બહેલાવવા માટે જંગલના નામે નીકળી પડયાં બહાર.

પણ શેઠ સમગ્ર ઘટનાનો કયાસ કાઢવા મથી રહ્યાં હતાં, પણ હજુયે એ ઘેબરના ને જમાઇનાં વિચારો મારો કેડો નથી મૂકતા ! વધુ આકરૂં તો એ લાગે છે કે આવું બને, જમાઈ ઘેર આવે અને જમી જાય, એ તો સાવ સહજ છે. એમાં નવાઇ પામવા જેવું નથી.

પણ કોઇ દિવસ નહિને આજે મને આ બાબતે ગુસ્સો આવ્યો, ગ્લાનિ થઈ. એમાં શું મારી તુચ્છતા છતી ન થઈ ? અને એથીયે વિશેષ તો, કદી કોઈનેય ન છેતરનારા મેં પેલી અભણ રબારણને, આવી નજીવી રકમને ખાતર છેતરી, એ શૂળની જેમ મને હવે ખૂંચે છે. શું આ પ્રસંગે મારામાં દબાયા પડેલાં લોભ અને તૃષ્ણાંનાં દર્શન નથી થતા ? હુંય સમજું છું કે આ વાત કોઈ જાણવા પામવાનું નથી ને જાણે તોય એને માટે આનું કોઈ મહત્ત્વ નહિ હોય, કમ સે કમ મને તો કોઈ કાંઈ જ નથી કહેવાનું પરંતુ કોઇ કાંઇ ધારે કે ન ધારે, કહે કે ના કહે પણ મારો માંહ્યલો તો મને ડંખે છે ને ? મને ઠપકારે છે ને ? એનો શો પ્રતિકાર ? એને શે સંધાય ?

વિચારોની આ વણઝારમાં અટવાતા પોતે નગર બહાર જંગલમાં પહોંચી ગયા, એની ખબર તો શેઠને ચોતરફ ઢોરો ચરાવતાં ભર-વાડો તરફ એમની નજર પડી ત્યારેજ પડી. શેઠે ઝટપટ શૌચક્રિયા પતાવી, ને પછી મનનો ખેદ ઉતારવાના ઇરાદે, ખિન્ન વદને એક ઘટાદાર વૃક્ષની ઠંડી છાયા તળે ડીલ લંબાવ્યું.

• o o

વૈશાખ મહિનો હતો. બિનહરીફ ઉમેદવાર જેવો ઉનાળો સોળે કળાએ ધરતી ઉપર પથરાયો હતો. સૂર્ય નારાયણનો સૌને દઝાડતો તડકો પણ, તડકો ખાઇ ખાઈને સૂકાઈ ગયેલાં ઝાડના ઠુંઠા જેવો સ્તબ્ધ અને સ્થિર હતો. તડકાની પાશવી તાકાતના આ પ્રદર્શનથી જ ડરી ગયા હોય તેમ, લોકો ઘરનાં આવૃત્ત અને નિસ્તાપ આકાશની ગોદમાં લપાઈ ગયા હતા

એવે વખતે, વૃક્ષતળે વીસામો લઇ રહેલાં નેમ-ચંદ શેઠની નજર ખુલ્લી ધરતી પગ વેરાયેલી રેતી જેવા તડકાને ખુંદીને ચાલ્યા જતાએક મુની પર પડી. ધોમધખતો તાપ છતાં છાંયડાની અપેક્ષા નહિ, અને માથાની જેમ જ પગ પણ ખુલ્લાં, તોય મોં પર લેશપણ અકળામણ નહિ, થાક કે ખેદ નહિ; એ જોઇને શેઠને ભારે અચંબો અને અહોભાવ ઉપજ્યો. આ નવતર દૃશ્યનાં દર્શનથી એમની મનોદશાને કંઈક હળવી બનતી એમણે અનુભવી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ અનુભવે જ શેઠને પ્રેર્યા હોય કે ગમે તેમ, પણ એ તરત જ ઉઠયા, અને ઝટપટ-લગભગ દોડતાં જ પેલા મુનિ પાસે પહોંચી ગયા. મુનિને ઉભાં રાખીને એમણે વિનતિ કરી: મહારાજ, આમ તો હું બધી વાતે સુખી છું. પણ આજના એક નાનકડા બનાવે મારી સુખ-શાંતિમાં ભંગાણ પડયું છે. આપ મારા પર કૃપા કરો ને આ વૃક્ષ તળે પધારીને થોડીકવાર મને કંઈક એવું કહો કે જેથી મારાં ચિત્તની અશાંતિ ઓસરી જાય,

મુનિ પણ ચકોર હતા, એમણે કહ્યું: ભાઇ! હું અત્યારે મારાં કામ નીકળ્યો છું, બીજાના કામે નહિ. એટલે અહીં વીસામા માટે બેસવું પણ મને પાલવે એમ નથી. બેહુ તો મારૂં કામ રખડી પડે, માટે મને જવા દો.

મુનિની વાત શેઠને વિચિત્ર લાગી. એણે પૂછયું: મહારાજ! તમે તો ખરી વાત કરો છો! દુનિયામાં બધા લોકો - ગમે ત્યા જાય-તાતે પોતાના જ કામે જતાં હોય છે. કોઈ કાંઇ બીજાના કામે જતાં નથી. માત્ર જવાનું જ શા માટે કોઇ પણ કામ, દરેક વ્યક્તિ, પોતાના માટે જ કરે છે, નહિ કે બીજાના માટે. કોઇ કરતું હોય, બીજા માટે જતું હોય, તો કહો.

સમયજ્ઞ મુનિરાજે તરત જ કહ્યું: ભાઇ, એક બે નહિ, હજાર બે હજાર નહિ પણ લગભગ બધાજ લોકો હમેશાં બધુંજ-માત્ર જવાનું જ નહિ પણ પોતાનું તમામ કામ, પોતાનો બધો વ્યવહાર બીજાને માટે જ કરતાં હોય છે. બીજાની વાત કયાં કરવી? તમારી જ વાત લઈએ, તો તમે આ બધો વ્યવહાર ને ધંધો ધાપો-બધું કોને માટે કરો છો? બૈરી છોકરા માટે કે તમારા પોતાના માટે? આ વાત પર વિચાર કરશો, તો 'હું મારા કામે જઇ રહ્યો છું' એ મારી વાત સમજાઈ જશે.

મુનિની વિચિત્ર લાગતી વાત નેમચંદ શેઠ માટે અવસરોચિત બની ગઈ. એમના ચિત્તતંત્ર પર આ વાતે ભારે અસર કરી. અનાયાસ જ એમનાંથી હાથ જોડાઈ ગયા. એમણે પૂછયું: ભગવંત! આપ કયાં રહો છો? જવાબમાં મુનિએ નજીકમાં જ રહેલું ઉપવન દેખાડયું! ને તેઓ ચાલવા લાગ્યા.

એ વખતે તેઓ નગરમાં ગોચરી-ભિક્ષા કાજે જઇ રહ્યા હતા. થોડીવારમાં જ તેઓ પાછા આવ્યા, ને ઉપવનમાં જઇ, આહાર પાણી પતાવી, પોતાના આત્મસાધનામાં લીન બની ગયા. ત્યાં સુધીમાં વીસામો લઇને અંશતઃ સ્વસ્થ બની ચૂકેલા નેમચંદ શેઠ પણ-થોડીવારમા ત્યાં પહોંચ્યાં આજે એમના ચિત્તમાં પેલા રૂપિયાનું પાપ એવું ભરડાયેલું હતું કે આજે દુકાને જવાની એમને તીવ્ર અરુચિ થઇ ગઇ હતી. એ તો નિરાંતે બેઠા, ને મુનિરાજને વીનવ્યા કે કંઇક સન્માર્ગનો ઉપદેશ આપો.

મુનિરાજે પણ શેઠના મોં પર જિજ્ઞાસા જોઈ, એમનાં શબ્દોમાં પાપનો ડર નીતરતો નિહાળ્યો, એટલે એમણે તીર્થંકર ભગવાને પ્રબોધેલા ધર્મનો અને ત્યાગ માર્ગનો પરિચય આપ્યો. શેઠને સમજાવ્યા કે આ રબારણની ઠગાઈ જેવા અગણિત ઝીણા જાડાં પાપોથી બચવાનો એકમાત્ર ઉપાય સંસારનો ત્યાગ દીક્ષા જ હોઈ શકે, સાચા પાપભીરૂ આત્માએ આ ઉપાયનો સત્વર અમલ કરવો ઘટે.

આ સાદીસીધી વાતો શેઠનાં હૈયે તીવ્ર ચોટ લગાવી ગઇ. રબારણના રૂપિયા અને ઘેબરના બનાવે આર્દ્ર બનેલા એમનાં હૃદય પર આ વાતોએ ઘણનું કામ કર્યું. એમણે મુનિરાજને વિનતિ કરી: મહારાજ! હું ઘેર જઇને સ્વજન પરિવારની રજા લઈને આવું છું. મારે દીક્ષા લેવી છે. સંસાર હવે મને ન ખપે પણ પ્રભો! આપે હમણાંજ મને આ બધી વાતો સમજાવતા કહ્યુ કે મુનિઓ-સંતો તો અપ્રતિબદ્ધ હોય, ગમે ત્યાં ગમે ત્યારે ચાલી નીકળે. તો મારી પ્રાર્થના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે કે હું પાછો ના આવું ત્યાં સુધી આપ કશે ન જતાં. અહીં જ રહેજો.

પરિવર્તન માટે એક જ પળની જરૂર હોય છે. એક પળ, અને જિંદગીનું પરિવર્તન કોઇક વીરલાને આવી પળ મળે. શેઠનાં જીવનમાં, એક નજીવા પ્રસંગે જ આવી પળ સરજી હતી એ પળના ફળ ન ચૂકી જવાય. એ માટે શેઠ દોડયાં દોડયાં ઘેર આવ્યા. આવતાંવેંત પોતાના ભાઇ, દીકરી. જમાઈ, પત્ની, બધા સ્વજનો-મિત્રોને ભેગાં કર્યા, બહાર હોય ત્યાંથી બોલાવ્યા.

બધાને ભેગાં તો કર્યાં, પણ સંસાર ત્યાગની વાત કઇ રીતે કહેવી? બધાની રજા શી રીતે મેળવવી ? સીધી આંગળીએ કાંઈ ઘી નીકળે એમ ન હતું.

શેઠે વણિક બિદ્યા અજમાવી. એમણે બધાને ટોળે બેસાડીને રજુઆત કરી : જુઓ ભાઇ ! હું અહીં ઘણા વરસોથી દુકાન ચલાવું છું ને વ્યાપાર કરૂં છું. એનાથી મને કોઇ એવા લાભ નથી થતો કે જેથી હું શ્રીમંત સમૃદ્ધ બનું. ત્યારે એકનીએક સ્થિતિ અને ઘટમાળથી હું કંટાળ્યો છું. મને લાગે છે કે મારૂં નસીબ દેશાવરમાં જ ઉઘડશે. એટલે હું અહીંની દુકાન વધાવીને દેશાવર જવા ઇચ્છું છું. હવે વાત એવી છે કે દેશાવર કાંઈ એકલા તો જવાય નહિ, કોઈ સાર્થવાહ-સોદાગર જતો હોય, તો જ જવાય. એટલે મેં રોજ નગર બહાર એવા કોઈ સોદાગર આવતા જતાં હોય તેની ભાળ કઢાવવાનુ રાખ્યું છે. એમાં ઘણા દિવસે આજે જાણવા મળ્યું છે કે બે સોદાગરો આજકાલમાં જ પરદેશ પ્રયાણ કરે છે. પણ વધુ તપાસ કરી તો એ બન્નેમાં થોડોક તફાવત માલૂમ પડયો છે. આમ તો ગમે તેની સાથે જવાનું વિચારેલું, પણ આ તફાવત જાણ્યાં પછી જરાક મૂંઝવણ ઉભી થઇ છે. એ ઉકેલવા માટે જ તમને અહીં બોલાવ્યા છે, પહેલા તમને બેય સોદાગરની પદ્ધતિનો તફાવત સમજાવી દઉં,

પહેલા સોદાગરની પદ્ધતિ એવી છે કે એ તેની સાથે જનારને જોઇતું ધન આપીને તેને ગમતાં ઠેકાણે પહોંચતો કરે છે. અને જયારે એ વ્યક્તિ પોતીકો ધંધો કરીને કમાય, ત્યારે પણ એમાંથી એ સોદાગર જરાય ભાગ માગતો કે લેતો નથી.

એથી ઉલટું, બીજા સોદાગરનો રિવાજ એવો છે કે એ, સાથે આવનારને, એક દોકડોય આપતો તો નથી જ. બલ્કે એની પાસે જે કાંઈ મૂડી હોય, તે પણ પોતે ભાડા પેટે પડાવી લે છે.

હવે હું એ નિશ્ચય નથી કરી શકતો કે મારે આ બેમાંથી કયા સોદાગરના સથવારે જવું? એટલે મેં તમને બધાને નિમંત્ર્યા છે. હવે તમે વિચાર પૂર્વક નિશ્ચય કરીને મને કહો કે મારે કોની સાથે જવુ ? પહેલા સોદાગર સાથે કે બીજા સાથે ?

શેઠની વાત પૂરી થતાંવાર જ બધાં સ્વજનો એકી અવાજે બોલી ઉઠયા. એમાં વિચાર શો કરવાનો ? પહેલા સોદાગર સાથે જ જવાનું, બીજા સાથે નહિ.

પણ મારે ઉતાવળ નથી તમે કહેશો એમજ થશે પણ તમે બરાબર વિચારીને કહેજો. નક્કી થયા પછી હું એમાં ફેરફાર નહિ કરૂં. શેઠે વાતને વળ ચઢાવ્યો.

પણ શેઠ ! સ્વજનો હસતાં હસતાં બોલ્યાં, આમાં વિચાર કરવા જેવું છે શું ? આતો એક ને એક બે જેવી વાત છે. ડાહ્યો માણસ હોય, તે પહેલા સોદાગરને જ પસંદ કરે બીજાની પસંદગી તો મૂર્ખજ કરે.

શેઠને તો આજ જવાબ જોઇતો હતો. એમણે કહ્યુ, તો તમે બધા ચાલો મારી સાથે નગર બહાર. ત્યાં એ સોદાગરનો પરિચય કરાવું.

બધા શેઠ સાથે નીકળ્યાં. આગળ નેમચંદ શેઠ ને પાછળ સ્વજનો. શેઠ તો બધાને દોરી ગયા પેલા મુનિરાજ પાસે. આ જોઇને સ્વજનોને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવાઈ લાગી, એમણે શેઠને પૂછ્યું : શેઠ! તમે તો અમને સોદાગર પાસે લઈ જવાના હતા, ને અહીં ક્યાં લાવ્યા?

અને શેઠે ધડાકો કર્યો; આ સામે બેઠા એજ એ સોદાગર.

સ્વજનો મૂંઝાયા. એ કહે : કંઈક ચોખવટથી સમજાવો તો ખબર પડે.

શેઠે ફોડ પાડતા કહ્યુ : જુઓ ભાઈ, આ મુનિરાજ, મોક્ષનગરના પથિક-સોદાગર છે. એ, એમની સાથે જનારને પોતાની પાસેનું 'ધર્મ' નામે ઓળખાતું ધન આપે છે. એમાંથી વ્યાપાર કરવામાં સહાય કરે છે, ને એ વ્યાપારમાં આપણે જે ધર્મ-ધન કમાઈએ તેમાંથી એક ટકો પણ પોતે લઈ લેતાં નથી. માટે હુ એમની સાથે મોક્ષનગર તરફ જવાને ઇચ્છું છું.

સ્વજનો ને મિત્રો ઉપરતો જાણે પથરો પડયો. બધાના મોં લેવાઈ ગયા. શું બોલવું, એજ કોઇને ન સૂઝયું. થોડી પળોના મૌન પછી એક સ્વજને હિંમત કરીને કહ્યું, "નેમચંદ શેઠ! આ તો તમે અમને છેતર્યાં. પણ અમે આમાં સંમતિ નહીં આપીએ. તમને દીક્ષા લેવા નહિ દઈએ પણ તમે તો એ સોદાગરની વાત કરી હતી. બીજો સોદાગર કયાં? એ તો દેખાડો."

શેઠે શાંતિથી કહ્યું ; ભાઇ! સંસારી સ્વજનોજ-તમે બધાજ બીજો સોદાગર છો. તમારો સંગાથ કરનારા મારા જેવાને કાંઇક આપવાનું તો બાજુએ રહ્યું, ઉલટું મારી પાસે થોડુંઘણું પણ જે પૂર્વોપાર્જિત ધર્મધન હતું, તેય તમે વેડફાવી દીધું.

અને, તમેજ મને ઘેર કહી દીધું છે કે 'તમારે પહેલા સોદાગર સાથે જવું, બીજા સાથે નહિ! એટલે તમે હવે મને ના કહો, તે કાંઈ વાજબી ના કહેવાય. મેં તો તમને ઘેર વિચાર કરવા પૂરતો સમય આપ્યો હતો. પણ તમેજ કહેલું તે વખતે કે મૂર્ખ હોય તેજ બીજા સોદાગર જોડે જાય. હવે હું જો આ મુનિની સોબત ન કરૂં, તો મારે તમારો સથવારો કરવો પડે, એટલે હૂં તો તમારી નજરે, આપોઆપ મૂર્ખ જ ઠરૂ ને?

સ્વજનો શું બોલે? આંસુ એ એમનો મૂંગો ઉત્તર હતો.

ભલભલા ઢીલા થઈ જાય તેવી છેતરામણી એ પળ હતી. પણ એ પળનેય ઘડીભર થોભાવી દે એવી નેમચંદ શેઠની દઢતા હતી. અને એ જીતી ગયા.

એ દઢતાએ બધાને ઝુકાવી દીધાં. ને એ સાથેજ નેમચંદ શેઠે સંસાર ત્યજીને, મુનિરાજનાં ધર્મ સાર્થવાહના શરણે પોતાનું જીવન સમર્પી દીધું.

---


## સંસ્થાના બે નવા પ્રકાશનો

(૧) આત્મવિશુદ્ધિ કિં. રૂા. ૮-૦૦
(૨) શ્રી જંબૂસ્વામી ચરિત્ર (સચિત્ર) કિ. રૂા. ૧૨-૦૦

પ્રકાશક

**શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેટ, ભાવનગર-૩૬૪ ૦૦૧.


---

## સાભાર સ્વીકાર

(૧) **જૈન ગુર્જર કવિઓ** ભાગ ૨

સંગ્રાહક અને સંપ્રયોજક

**શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ**

પ્રકાશક : **શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઇ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

## આઠમો જૈન સાહિત્ય સમારોહ

આપણી મહાન પવિત્ર તીર્થભૂમિ શ્રી સમેતશિખરજી તીર્થમં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે અને રવિ ટુર (મુંબઈ)વાળા શ્રી શાંતિલાલ ગડાના માતુશ્રીની સ્મૃતિમાં તેમના આર્થિક સહકારથી તા. ૧, ૨, ૩ માર્ચ ૧૯૮૭ના દિવસોમાં આઠમા જૈન સાહિત્ય સમારોહનું આયોજન થયું હતું.

શ્રી પાર્શ્વનાથ વિદ્યાશ્રમના ડો. સાગરમલ જૈનના હસ્તે સમારોહનો પ્રારંભ થયો હતો. સમારોહના નિમંત્રક શ્રી શાન્તિલાલ ગડાએ સૌનું સ્વાગત કર્યું હતું.

સમારોહના સંયોજક ડો. શ્રી રમણલાલ ચી. શાહે સાહિત્ય સમારોહની ભૂમિકા સમજાવી હતી.

આ પ્રસંગે 'જૈન સાહિત્ય સમારોહ ગુચ્છ;'નો વિમોચનવિધિ શ્રી કુંવરજી નાથાભાઈ પાસુએ કર્યું હતું.

આ સમારંભમાં 'જૈન સાહિત્ય તત્ત્વજ્ઞાન' વગેરે વિષયોની ત્રણ બેઠકો યોજાઈ હતી. તેમાં અનેક વિદ્વાનોએ વિદ્વત્તાપૂર્ણ નિબંધો લેખો રજુ કર્યા હતા.

શૈક્ષણિક પાઠ્ય પુસ્તકોમાં જૈન કૃતિઓ પ્રત્યે થતી ઉપેક્ષા અંગે આ સંમેલનમાં નીચેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો :—

"આજે તા. ૩-૩-૧૯૮૭ના રોજ શ્રી સમેતશિખરજી તીર્થમાં મળેલ આઠમા જૈન સાહિત્ય સમારોહનું આ અધિવેશન સર્વાનુમતે ઠરાવે છે કે, ઇતિહાસ અને સાહિત્યના પાઠય પુસ્તકોમા જૈન ઐતિહાસિક પ્રમાણભૂત હકીકતો અને જૈન સાહિત્ય રચનાઓની ઘોર ઉપેક્ષા થતી રહી છે. જેથી ભારતીય સંસ્કૃતિમાં જૈનની ગૌરવગાથા પર જાણે અકુદરતી પડદો પાડી દેવાયો હોય એવી પરિસ્થિતિ નિર્માણ થયા કરે છે, મધ્યકાલીન યુગમાં જૈનોનું યોગદાન ૯૦ ટકા કરતા પણ વધારે હોવા છતાં પાઠય પુસ્તકોમાં જૈન કૃતિઓને ખાસ કશુ સ્થાન આપવામાં આવતું નથી, એ અત્યંત શોચનીય છે. આ પરિસ્થિતિ નિવારવા માટે આજનું આ અધિવેશન ભારત સરકાર તથા ગુજરાત, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળ તથા અન્ય રાજ્ય સરકારોને અનુરોધ કરે છે કે આ દિશામાં યોગ્ય પગલા લેવામાં આવે અને જૈન સાહિત્ય તથા ઇતિહાસને થતા અન્યાયને દૂર કરવામાં આવે."

આ પ્રસંગે વિદ્વદ્વર્ય શ્રી ભંવરમલ નાહટા, તથા ડો. શ્રી રમણલાલ ચી. શાહ તથા શ્રી વસનજી લખમશી શાહ અને શ્રી ચીમનલાલ કલાધરનું તેમણે આપેલ સેવાઓ બદલ નિમંત્રક સંસ્થા તરફથી ચંદનહાર અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 卐 પાપોદયમાં પણ મહાન સુકૃત સાધના 卐

બારામતી (જી. પુના મહારાષ્ટ્ર) નગરે ૨૬ વર્ષના કુમારી મયણાબહેન વિલાસકુમાર શાહ વસે છે. કર્મસત્તાએ તેમને સુસંસ્કારી જૈન કુળમાં જન્મ આપ્યો પણ સાથે જન્મથી જ અપંગ બનાવ્યા છે. તેમનું મુખ ૨૬ વર્ષની ઉંમરને શોભે તેવું સપ્રમાણ છે, બાકી ૨૬ વર્ષની ઉંમરે પણ તેમનું શરીર ત્રણ ફુટના બાળક જેવડું નાનું છે અને વજન તો માત્ર ૨૦ કિલો જેટલું. હાથ-પગ સાવ ટૂંકા અને કાંઈ ઉપાડવું કે ચાલવા વગેરેમાં સાવ અસમર્થ છે તેઓ બિલકુલ પથારીવશ છે. કોઈ બેસાડે તો ૧૦-૧૫ મિનિટ બેસી શકે. દેહ ધાર્મિક ક્રિયાઓ પણ પરવશ પણે કરવી પડે છે.

કુમારી મયણાબેન અપંગ, પરાધીન અને સુકોમળ બાળક જેવી કાયાએ પણ કર્મસત્તાને તોડી નાખવા માટે રણે ચડયા છે. સુતા સુતા પણ સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, ધર્મનું વાંચન, જાપ-માળા આદિ સુંદર ધર્મકરણીમાં આખો દિવસ વીતાવે છે. તેમની પાસે ભગવાન મુકવામાં આવે ત્યારે અષ્ટપ્રકારી જિનપૂજા બહુ ભાવથી અને વિધિપૂર્વક કરે છે. તેમને બે પ્રતિક્રમણ. નવસ્મરણ અને અતિચાર સહિત પંચપ્રતિક્રમણ. ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, વૈરાગ્ય શતક અને તત્ત્વાર્થસૂત્ર કંઠસ્થ થયા છે. પક્ખિ પ્રતિક્રમણમાં અસ્ખલિત રીતે કડકડાટ અતિચાર બોલે છે ફુરસદની પળોમાં સુંદર મણકા બનાવી નવકારવાળી ગૂંથે છે.

પણ કુમારી મયણા બારામતીમાં જ્યારે સાધ્વીજી ભગવંત પધારે ત્યારે ઉપાશ્રયમાં જ રહે અને દિવસ રાત સવિશેષ ધર્મકરણીમાં વીતાવે છે.

તેમને પાઠશાળા ભણાવવાનો ખૂબ શોખ છે. બાળક-બાળિકાઓને બોલાવીને પ્રેમથી સૂત્રો ભણાવે. તેમના પર્સનલ સામથી સારું ઇનામ આપી તેમને પ્રોત્સાહિત કરે. તેમણે અતિચાર સુધી બીજાને તૈયાર કરાવ્યા છે.

ટીવી સિનેમાં મોટરમાં ફરવું ફરવું આદિ અનેક પ્રકારના મોજશોખ સુલભ હેવા છતાં આ બધાથી પર રહી કુમારી મયણાબહેન વૈરાગ્ય સાથે તપ અને ત્યાગમાં મસ્ત રહે છે. તેમનો આહાર નાના બાળક જેટલો છતાં કેટલાય વરસથી ચોમાસાના ચાર મહિના બેસણા કરે છે. રોજ એક વિગઇનો ત્યાગ કરે છે. સતત સાત વરસથી પ્રતિદિન ઉકાળેલું પાણી પીવે છે. તેઓ ગુજરાતી, મરાઠી અને હિન્દી સારી રીતે જાણે છે. ઇંગ્લીશ અને ગણિત ભણાવવા ટીચર આવે છે. અત્યારે તેઓ માલેગાંવથી નિકળેલ 'અમર ઉપાધ્યાય યશોવિજયજી' વિષયક પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે.

ભારે પરાધીન અવસ્થામાં પણ તેઓ નિરાશ, હાયવોય, ખેદ કે દુ:ખ નહીં કરતા ભારે સ્વસ્થ રીતે ધર્મમાં મસ્ત રહે છે. અનેક પુસ્તકોના અભ્યાસથી અને સાધુ-સાધ્વીજી ભગવંતો પાસેથી માર્ગદર્શન મેળવી તેમણે સમાધિના ઉપાયો આરાધવામાં સતત પ્રયત્ન કર્યા કર્યો છે. કોઈ તેમને પૂછે તો કહે....'મારી આ પરવશતાની મને જરાય નિરાશા, ખેદ કે દુ:ખ નથી. આવા મહાન વીતરાગ દેવ મળ્યા. સુગુરુ મળ્યા અને મહાન જૈન ધર્મ આરાધવા-સાધવા મળ્યો છે, પછી દીનતા કેવી ?!

અપંગ પરાધીન અને પરવશ અવસ્થામાં પણ ધર્મની ભારે ખૂમારી અને દીનતા ત્યાગ-પૂર્વકનું એમનું ધર્મમય મસ્ત જીવન આપણને બધાને 'ધર્મ કરણીની' અનેરી પ્રેરણા આપનારૂં બને એવી શુભાશાં સાથે. તેમના સુકૃતોની ભારે અનુમોદના. 卐

For Private And Personal Use Only

# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૧૧ ૮૬ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૪૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૬૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૬૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૦-૦૦ |
| જિનદત્ત આખ્યાન | ૧૦-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૧૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૪૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૩૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૦-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૨૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૩૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૦-૦૦ |
| " " ભાગ ૨ | ૪૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૮-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૧-૦૦ |
| સુક્ત મુક્તાવલી | ૧-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૨-૦૦ |
| આર્હત્ ધર્મ પ્રકાશ | ૨-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૨-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૫-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૫ ૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૨-૦૦ |
| નવપદજીની પૂજા | ૫-૦૦ |
| ગુરુભક્તિ ગંહુલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |
| જંબૂસ્વામિ ચરિત્ર | ૧૨-૦૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

તંત્રી. શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.